સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

ચૂંટણી આવે જ્ઞાતિ-ધર્મમાં તોડફોડ થાય છે,
જન્મના હોય દુશ્મન છતાં તડજોડ થાય છે,
કરજોડ થાય છે સ્મિત સાથે કટ્ટર દુશ્મનથી -
લડતા રહે છતાંય સ્નેહથી તરબોળ થાય છે.

હાઈકુ

કજોડાં છતાં
નભે જુંદગીભર
સ્વાર્થ સંબંધો

રાજકારણે
થાય છે વ્યભિચાર
વેશ્યા સમાન

ચિંતન

ઈપ્સિતં મનસઃ સર્વ કસ્ય સંપધને સુખમ્ ।
દૈવા અયત્તં યતઃ સર્વ તસ્માત્સંતોષમાશ્રયેત ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્યના મનની બધી ઈચ્છાઓ ક્યારેય પણ પૂર્ણ થતી નથી, કારણ કે બધી ઈચ્છાઓ અને વાંછનાઓ પૂર્વ જન્મના કર્મથી બદ્ધ ભાગ્યને આધીન હોય છે. માટે સુખ-શાંતિ પામવા માનવીએ સંતોષ ધારણ કરવો.

માનવીનું મન વાંદરા કરતા પણ વિશેષ ચંચળ છે. વાંદરાને એક ડાળ પરથી બીજી ડાળ ઉપર કૂદતાં પહેલાં તે ડાળની મજબૂતી અને આસપાસ કોઈ બાધા - અડચણ તો નથી ને! એનો વિચાર કરવો પડે છે પણ માનવીનું મન તો તદ્દન કાલ્પનીક ડાળો પર આધાર, શક્યતાઓ વિના તર્કવિહીન ઈચ્છારુપી ફૂદકા માર્યા કરે છે. એમાં એને પાપ-પુણ્યના કોઈ જ સામાજિક આર્થિક બંધન નડતાં નથી આવી પાયાવિહીન ઈચ્છાઓ કદી પણ પૂર્ણ થતી નથી. જોગ-સંજોગ, કોઈ ઈચ્છા પૂર્ણ થઈ પણ જાય તો રક્તબીજ રાક્ષસના લોહીના બૂંદમાંથી જેમ અનેક રાક્ષસ ઉત્પન્ન થયા જ કરે છે તેમ, એકમાંથી અનેક ઈચ્છાઓ જન્મ્યા જ કરે છે. ક્ષિતિજની જેમ એનો કોઈ જ અંત નથી.

આમાંથી મુક્તિ મેળવવાનો એક જ સરળ ઉપાય છે 'સંતોષ' કોઈ જ ઈચ્છા-અપેક્ષા-આશા ન રાખો. કોઈમાં પણ નહી. જે મળ્યું છે, જેવું મળ્યું છે તેનો હસીને સંતોષપૂર્વક સ્વીકારમાં જ 'સર્વે' ઈચ્છાપૂર્તિ સમાયેલી છે.

સુવિચાર

- એક ઠોકર ડે તને વાગી ગઈ... શક્ય છે કે એ જ ઉદ્ધારક બને - **આબિદ ભટ્ટ**
- માર્ગ ભૂલેલાને સન્માર્ગે દોરી જાય તે અનુજ...! - **રાજ ભાસ્કર**
- જ્ઞાનહીન આચાર અને આચારહીન જ્ઞાન નષ્ટ થઈ જાય છે - **મહાવીર સ્વામી**
- સંતોષનો બંધ તૂટતાં ઈચ્છાનું ઘોડાપૂર વિનાશ વેરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તૂટે તેને સિદ્ધાંત ન કહેવાય - **જનકલ્યાણ**
- તમને સ્વર્ગ જોઈએ છે ? તો આ ત્રણ કામ કરો :
  સાચુ બોલો, કદી ક્રોધ ન કરો અને યાચકને કદી પાછો ન કાઢો - **બુદ્ધ**
- આજનું ઔષધ : દૂધ, મધ અને ઓલિવ ઓઈલ સરખા ભાગે લઈ નવશેકું ગરમ કરી ચહેરા પર માલિશ કરવાથી સૂકી ત્વચાં જીવંત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

રાજાએ સંતને મહેલમાં પધારવા માટે આમંત્રણ આપ્યું. દરબાર ત્રણ અલગ-અલગ પાંજરામાં ઉંદર, બિલાડી અને બાજ પક્ષીને રખાયાં હતા. તેમની સમક્ષ તેમનું દૂધની મલાઈ અને બાજ સમક્ષ માંસ રખાયેલું હતું છતાં તેઓ એને ખાતાં ન હતા. રાજાએ સંતને એમના જ ખાવાનું પૂછ્યું... સંતે કહ્યું, 'રાજન, ઉંદરને ભૂખ તો લાગી છે. એ મેવો ખાવા ઈચ્છે છે, પણ સામેના પિંજરામાં રહેલી બિલાડીને જોઈને તે ડરે છે. બિલાડીની સામે દૂધની મલાઈ રાખી છે, પમ એ પોતાની બાજુના પાંજરામાં રાખેલા ઉંદરને જોઈને તેને ખાવા માટે લલચાય છે ને તેથી તે મલાઈ ખાતી નથી, વળી બીજી તરફ પાંજરામાં રહેલા બાજનાં બાજપક્ષીને જોઈને તે ખાતાં ગભરાય છે. વળી, બાજ પોતાની બાજુમાં પાંજરાઓમાં રાખેલા ઉંદર અને બિલાડીને જોઈને તેમને ખાવા માટે લોલુપતા ધરાવે છે ને તેથી તેની સામે રાખેલું માંસ પોતાને ભૂખ હોવા છતાં નથી ખાતું, એને થાય છે, હું પહેલાં ઉંદરને ખાઉં, બિલાડીને ખાઉં કે માંસને ખાઉં? આમ, તેના મનમાં ચાલતી મુંઝવણને કારણે તે કશું ખાતું નથી. આમ, પ્રલોભન અને ડર એમને એમનો પ્રિય ખોરાક ખાતાં રોકી રાખે છે.' રાજાએ સંતને વંદન કરી પ્રશંસા કરી. વિદાય આપી.

વૈભવ પ્રદર્શનની ઘેલછા ભારે પડે છે

તંત્રીસ્થાનેથી...

રુપિયા અને ડૉલર ભરેલા પીપનાં પીપ કલાકારો પર ઢોળવાં, જાહેરમાં નોટોનો વરસાદ વરસાવવો કે પછી રાજકોટથી જોધપુરના રાજમહેલમાં દીકરાનાં રજવાડી ઠાઠથી લગ્ન કરવાં અથવા કન્યાનું મન રાખવા રાજસ્થાનના માઉન્ટ આબુથી બનાસકાંઠાના ડીસા સુધી હેલિકોપ્ટમાં વરરાજાની પધરામણી જેવી ઘટનાઓ અખબારો અને ટીવી ચેનલોમાં કવરેજ જરૂર મેળવી શકે પણ કોમનસેન્સ ધરાવતા કોમનમેનથી લઈ પ્રબુદ્ધ નાગરિકોને તો આવી વૈભવપ્રદર્શનની ઘેલછા જોઈને દયા જ આવે. પાટીદાર પરિવારમાં પેદા થઈ જાતમહેનતથી ધનકુબેર બનેલા ઉદ્યોગપતિને જાણે વિલાસી રજવાડાંની હરોળમાં ઘૂસી જવાની વેણ ઉપડી હોય એમ એ પુત્રની જાન લઈને અસ્ત થઈ ગયેલી રાજાશાહીના ભગ્નાવશેષ સમી મહેલમાં હોટલમાં રૂપાંતરિત થઈ ગયેલી ઈમારતમાં લગ્ન સમારંભ યોજી કંઈક 'સિદ્ધ' કર્યાનો આત્મસંતોષ લેવા કોશિશ કરે છે ત્યારે એની માનસિકતા પર તરત જ ખાવી પડે. રાજાઓનાં રાજ રહ્યાં નથી. એમનાં સાલિયાણાં પણ ઈંદિરા ગાંધીએ એક ઝાટકે - કલમના એક ગોદે છીનવી લીધાં હતા. હવે તો એ બધા સામાન્ય નાગરિકો છે અને પોતાના રાજમહેલો ભાડે આપીને ત્યાં ફિલ્મોનાં શૂટિંગ થવા દે છે અથવા આવા ફાટીને ધુમાડે ગયેલા નવધનિકોને રજવાડી ઠાઠ સાથે પોતાના મહેલમાં માંડવો રોપી પરણવા દે છે. અબજો રુપિયા વેડફી દઈને આખરે એ વરકન્યા શું મેળવે છે? મધુરજની પૈતૃક ઘરમાં માણો કે રાજમહેલમાં - પેલી સમાગમની પરકાષ્ઠામાં શો ફેર પડે છે ? ફૂટપાથ પર કે ઝૂંપડીમાં પણ મધુરજનીનો એ જ આનંદ આવે, કદાચ એથી પણ વધારે. એક દેશી કન્યાએ હઠ પકડી કે મારો મંગેતર મને હેલિકોપ્ટર લઈને પરણવા આવે. છે ને ફેન્ટસીની પરકાષ્ઠા! રુપિયા ફેંકો, તમારા દેખો. વળી એ તમાશ પોતે જ જુએ એટલું પૂરતું નથી. ગામ આખું ગાંડું થાય તો જ એને મજા આવે. લગ્ન જેવી અંગત અને પવિત્ર ક્ષણોને આ રીતે માર્કેટમાં મૂકી દેવાથી શો આનંદ આવતો હશે એ તો એ યુગલ જ જાણે. દેશના વડાપ્રધાને પરણ્યા પછી સંન્યાસી થઈ જવાનું પસંદ કર્યું અને પોતાની તમામ કાર્યદક્ષતા રાષ્ટ્રના ચરણે ધરી દેવામાં ઔચિત્ય જોયું. આ જ સૌરાષ્ટ્રની ધરતીનો એક બ્રાહ્મણ કિશોર લગ્નનું મુર્હુર્ત નીકળી રહ્યું છે એ જાણતાની સાથે ઘર છોડીને ભાગ્યો અને પછી દયાનંદ સરસ્વતી બની ગયો. લગ્ન અત્યંત પવિત્ર સંસ્થા છે, પરંતુ એનું વ્યાપારીકરણ તો બુદ્ધિનું દેવાળું જ ગણાય. ખરી વાત તો એ છે કે બે યુવા હૈયાં એકમેકને એકાંતમાં, શાંત સ્થળે, કોઈ જાતના ઘોંઘાટ વિના મળે, હળે અને બેમાંથી એક બની 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ' વાળી આપણી ઊજળી પરંપરાને અનુસરે. કમનસીબે લગ્ન જ નહીં, સંતવાણી જેવા ડાયરા પણ ધનપ્રદર્શનના માંડવા બની રહ્યા છે. ભારતીય કલાકારો અમેરિકામાં જઈ કલાપ્રર્શન કરે છે ત્યારે એમના પર ડૉલરનો વરસાદ વરસાવી એ બિનનિવાસી સંપન્ન ભારતીયો શો સંદેશ આપવા માગે છે? ખરેખર તો કલાકારની કદર ખાનગીમાં કવર આપીને કરવી જોઈએ. એને ખરીદી લીધો હોય એમ જૂની રજવાડી પરંપરામાં એના રુપિયા રોળવા કે ઢોળવા એ કલાકારનું અપમાન ગણાવું જોઈએ.

જીવનમાં કોઈ પણ ક્ષણ વ્યર્થ જવા ન દેવાય

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

કારકત પૂનમની મધરાત્રિ હતી. ઈ.સ. ૧૦૮૮ ધંધુકામાં જાણે કે મધરાતે જ્ઞાનનો સૂરજ ઊગ્યો. મોઢ વણિક દંપત્તિ ચાચિંગ શેઠ અને પાહિણી દેવીને ઘરે પુત્રનો જન્મ થયો. નામ પડ્યું ચંગદેવ.

પુત્ર પાંચ વરસનો થયો. માતાની સાથે જૈન ઉપાશ્રમાં ગયો હતો. ત્યાં આચાર્યની વ્યાસપીઠ ઉપર બેસી ગયો અને વ્યાખ્યાન આપતો હોય, એવી મુદ્રા ધારણ કરી લીધી. એ જ વખતે આચાર્યશ્રી દેવચંદ્રસૂરિએ પ્રવેશ કર્યો. એણે જાણી લીધું કે 'આ યુગપ્રવર્તક મહાન પુરુષ થવાનો છે.' એમણે પાહિણી દેવી પાસે પ્રસ્તાવ મૂક્યો એ મુજબ માતા એ એમને પુત્ર સોંપી દીધો. આચાર્યએ ચંગદેવને ખંભાતમાં દીક્ષા આપી એને સોમચંદ્ર નામ આપ્યું. બાળમુનિમાં અસાધારણ તેજસ્વી પ્રતિભા હતી. એથી માત્ર એકવીસ વરસની ઉંમરે એમણે આચાર્ય પદ મળ્યું. હવે એ આચાર્ય હેમચંદ્ર તરીકે જાણીતા થયા.

ગૂર્જરેશ્વર મહારાજ સિદ્ધરાજ જયસિંહ પાટણમાં હતા. તે માણવા ઉપર વિજય મેળવીને પાછા ફર્યા એ વખતે તે હેમચંદ્ર આચાર્યના સંપર્કમાં આવ્યા. ખૂબ પ્રભાવિત થયા. એ વખતે આચાર્યની ઉંમર ૪૬ વર્ષની હતી.

માળવાના ભોજરાજે આચાર્યને આ ગ્રંથ આપ્યો. અને કહ્યું, 'તમે આનાથી પણ વધુ સારો ગ્રંથ લખો.' આચાર્યએ આવો ગ્રંથ લખ્યો; એનું નામ આપ્યું 'સિદ્ધહેમશબ્દાનુશાસન.' આમાં મહારાજા અને આચાર્ય બંનેના નામ આવી ગયા. મહારાજ ખૂબ પ્રસન્ન થયા. એમણે પાટણના રાજમાર્ગો ઉપર આ ગ્રંથની શોભાયાત્રા કાઢી. રાજાનો પ્રિય હાથી શ્રીકર હતો. એના પર સોનાની પાલખી હતી. પાલખીમાં ગ્રંથ હતો. હાથીની આગળ મહારાજ અને આચાર્ય પગપાળા ચાલતા હતા.

સિદ્ધરાજે સોમનાથની યાત્રા કરી. મહારાજ મહાદેવને અભિષેક કરતા હોય, એ વખતે હેમચંદ્ર મહાદેવની સ્તુતિ રચતા જાય અને બોલતા જાય.

સિદ્ધરાજના અનુગામી કુમારપાળ હતા. આચાર્ય એમનાં પણ પ્રીતિપાત્ર હતા.

પોતાના આશ્રયદાતાઓ પાસે આચાર્યએ અનેક પ્રજાલક્ષી સુધારા કરાવ્યા.

૧. સમગ્ર રાજયમાં હિંસા ઉપર સદંતર પ્રતિબંધ.

૨. અપુત્રિકાધનનો રિવાજ બંધ. રાજયમાં કોઈ નગરજન નિઃસંતાન ગૂજરી જાય, તો રાજા એની સંપત્તિ પડાવી લે. આ રિવાજ બંધ કરાવી દીધો.

૩. સોમનાથ જવા ઉપરનો યાત્રાવેરો બંધ કરાવી દીધો.

૪. રાજયનાં જળાશયો ઉપર કાપડના જાડા ગરણા મૂકાવ્યા. લોકો પાણીને ગાળીને જ વાપરે.

૫. સમાજ જીવનની આ સાત કુટેવો ઉપર પ્રતિબંધ મૂકાવ્યો - જુગાર, માંસભક્ષણ, દારુનું સેવન, વેશ્યા ગમન, શિકાર, ચોરી અને વ્યભિચાર.

આ ઉપરાંત આચાર્યએ ૩૦ ગ્રંથો રચ્યા. તેમાં શ્લોક ૨, ૦૪, ૬૫૬ છે. એમનો જીવનમંત્ર હતો - 'જીવનની કોઈ પણ ક્ષણ વ્યર્થ જવા ન દેવાય.'

કલિકાળ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્ય ૮૪ વર્ષની વયે ઈ.સ. ૧૧૭૨માં પોતાનો દેહ મૂક્યો.

ગુજરાત સાહિત્ય પરિષદના સ્થાપક કોણ હતા?

ખજાનો
અનિલ પટેલ

ગુજરાતી સાહિત્ય

૧ તારી આંખનો અફીણી - ગીત કોણે લખ્યું છે?
(અ) વેણીભાઈ પુરોહિત (બ) આદિલ મન્સુરી
(ક) અમૃત ઘાયલ (ડ) શિવકુમાર જોશી

૨ હરિનો મારગ છે શૂરાનો નહી કાયરનું કામ જોને - આ પદની રચના કોણે કરી?
(અ) શામળ ભટ્ટ (બ) અખો
(ક) કવિ પ્રિતમ (ડ) પ્રેમાનંદ

૩ સાહિત્યક્ષેત્રે ગુજરાત સરકાર તરફથી કયો મહત્ત્વનો એવોર્ડ અપાય છે?
(અ) મહિડા એવોર્ડ (બ) જ્ઞાનપીઠ એવોર્ડ
(ક) ગૂર્જર એવોર્ડ (ડ) આદિ કવિ નરસિંહ મહેતા પુરસ્કાર

૪ વીજળીના ચમકારે મોતીડા પરોવો પાનબાઈ - આ પદની રચના કોણે કરી?
(અ) પાનભાઈ (બ) ગંગાસતી
(ક) હીરાબાઈ (ડ) મીરાંબાઈ

૫ અખાનો જન્મ અમદાવાદ નજીકના કયા ગામે થયો હતો ?
(અ) બારેજડી (બ) બાળવા
(ક) જેતલપુર (ડ) સાણંદ

૬ જનનીની જોડ સખી નહીં જડે રે લોલ - ના રચયિતા કોણ છે?
(અ) દામોદર બોટાદકર (બ) મેઘાણી
(ક) ઉમાશંકર જોષી (ડ) કવિ ન્હાનાલાલ

૭ સ્વ કવિ રાજેન્દ્ર શાહને ૨૦૦૧માં કાવ્યક્ષેત્રે કયો શ્રેષ્ઠ પુરસ્કાર અર્પણ થયો હતો ?
(અ) નર્મદ સુવર્ણચંદ્રક (બ) મહિડા પારિતોષિક
(ક) જ્ઞાનપીઠ પુરસ્કાર (ડ) સાહિત્ય પરિષદ પુરસ્કાર

૮ કાકા સાહેબ કાલેલકર લખેલ 'જીવનનો આનંદ' અને 'રખવાડોનો આનંદ' કયો સાહિત્ય પ્રકાર છે ?
(અ) પ્રવાસ વર્ણન (બ) લલીત નિબંધ
(ક) આત્મકથા (ડ) નાટક

૯ ગુજરાત સાહિત્ય પરિષદના સ્થાપક કોણ હતા ?
(અ) દલપતભાઈ (બ) રણજીતભાઈ વાવાભાઈ
(ક) કરસનદાસ મુળજી (ડ) રણછોડભાઈ ઉદયરામ

૧૦ ઉમાશંકર જોષીએ 'આંખ, કાન અને નાકની કવિતા' કહીને ક્યાં કવિનો મહિમા વધાર્યો ?
(અ) કવિ પ્રહલાદ પારેખ (બ) ચુનિલાલ મડિયા
(ક) રાવજી પટેલ (ડ) રમણલાલ નીલકંઠ

૧૧ 'કવિતા આત્માની અમૃતકળા' તેવું કયા વિવેચકે કહ્યું હતું ?
(અ) નરસિંહ રાવ દિવેટીયા (બ) કેશવ હર્ષદ ધ્રુવ
(ક) નવલરામ ત્રિવેદી (ડ) આનંદશંકર બાપાલાલ ધ્રુવ

૧૨ 'જમો થાળ જીવન જાઉં વારી...' આ રચના કોની છે ?
(અ) ભૂમાનંદ સ્વામી (બ) કેશવાનંદ સ્વામી
(ક) રામદાસ સ્વામી (ડ) સહજાનંદ સ્વામી

૧૩ કાવ્ય વાચનનો વિષય નથી, શ્રવણનો છે? - આ વિધાન કોનું છે?
(અ) રામનારાયણ પાઠક (બ) હરીન્દ્ર દવે
(ક) ઉમાશંકર જોશી (ડ) પન્નાલાલ પટેલ

૧૪ રણમલ્લ છંદના સર્જક કોણ છે?
(અ) બાલમુકુંદ દવે (બ) માણિક્ય સુંદર સૂરિ
(ક) સોમસુંદર સૂરિ (ડ) શ્રીધર વ્યાસ

૧૫ 'જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડીભર ના રાખે ભાઈ' પદના રચયિતા કોણ છે?
(અ) દયારામ (બ) અખો
(ક) ભોજો ભગત (ડ) નરસિંહ મહેતા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૧૯ નવેમ્બર :
- ભારતના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનો જન્મદિવસ (૧૯૧૭)
- કલ્પના ચાવલા અંતરીક્ષમાં જનારી પ્રથમ ભારતીય મહિલા બની (૧૯૯૭)
- ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો જન્મદિવસ (૧૮૩૫)
- ૧૯૭૩-૭૪ દરમિયાન થયેલા આરબ-ઈઝરાયેલ યુદ્ધ શાંતિ માટે ઈજીપ્તના રાષ્ટ્રપ્રમુખ અનવર સદાતે શાંતિ માટે ઈઝરાયેલની મુલાકાત લીધી (૧૯૭૭)
- ૨૦ નવેમ્બર : ઝંડા દિવસ / બાળ અધિકાર દિવસ
- ઉર્દૂ ભાષાના નામાંક્તિ કવિ, પત્રકાર અને વાર્તાકાર અહેમદ નદિમ કાંસમીનો જન્મદિવસ (૧૯૧૬)
- સ્વીડીશ સાહિત્યકાર સેલમા લેગરલોફનો જન્મદિવસ (૧૮૫૮)
- સ્પેન પર જેમણે રાજ કર્યું છે તેવો ફ્રાન્સીકો ફ્રાન્કોનું અવસાન (૧૯૭૫)
- બ્રિટનના મહારાણી એલીઝાબેથ બીજાએ ફીલીપ માઉન્ટબેટન સાથે લેબર મીનીસ્ટર એબે સાથે લગ્ન કર્યા. (૧૯૪૭)
- ૨૧ નવેમ્બર :
- ફ્રેન્ચ ફિલોશોફર અને લેખક વોલ્ટેરનો જન્મદિવસ (૧૯૬૪)
- ઝીમ્બાવ્વેના પ્રથમ વડાપ્રધાન રોબર્ટ મુગાબે રાજીનામું આપ્યું (૨૦૧૭)
- મશહુર ફિલ્મ ડાન્સર હેલનનો જન્મદિવસ (૧૯૩૮)
- અમેરિકન બેઝબોલ પ્લેયર સ્ટેન મુસીલનો જન્મદિવસ (૧૯૨૦)
- ૨૨ નવેમ્બર :
- ફ્રાન્સના પૂર્વ પ્રેસીડેન્ટ ચાર્લ્સ ડે ગુલે નો જન્મદિવસ (૧૮૯૦)
- જાવા ટાપુ પર આવેલ જવાળામુખી માઉન્ટ મેરાપી ફાટતાં ૬૪ લોકોનાં મોત થયા. (૧૯૯૪)
- બ્રિટીશ પ્રાઈમ મિનિસ્ટર માર્ગારેટ થેચરે રાજીનામું આપ્યું (૧૯૯૦)
- ૨૦ વર્ષની ઉંમરે માઈક ટાઈસન યંગેસ્ટ હેવીવેઈટ બોક્સીંગ ચેમ્પીયન બન્યો (૧૯૮૬)
- ૨૩ નવેમ્બર :
- ભારતીય વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝનો જન્મદિવસ (૧૮૫૮)
- મશહુર ઈટાલિયન પેઈન્ટર અને કવિ લે બ્રોન્ઝીયોનું અવસાન (૧૫૮૨)
- પ્રેસીડેન્ટ ઓફ વેનેઝુએલા નિકોલસ માડૂરોનો જન્મદિવસ (૧૯૬૨)
- બાળ સાહિત્ય સર્જન માટે જાણીતા બ્રિટીશ લેખક રોઆલ્ડ હાલ્હજુ ઓકફર્ડ ખાતે અવસાન થયું (૧૯૯૦)
- ૨૪ નવેમ્બર :
- ડચ નેવીગેટર એબલ જહોનસુન તસ્માને તસ્માનીયા શોધી કાઢ્યું (૧૬૪૨)
- ફ્રેન્ચ આર્ટીસ્ટ હેનરી ડે ટોઉલોઉસનો જન્મદિવસ (૧૯૬૪)
- સર્વોદય કાર્યકર, ગાંધીવાદી નારાયણ દેસાઈનો જન્મદિવસ (૧૯૨૪)
- એપોલો - ૧૨ પૃથ્વી પર પાછું ફર્યું (૧૯૬૯)
- ૨૫ નવેમ્બર : વિશ્વ પર્યાવરણ સંરક્ષણ દિવસ
- પ્રથમ વિશ્વ યુદ્ધનો અંત આવ્યો (૧૯૧૮)
- પોલાદ ઉદ્યોગ જગતના જનક એન્ડ્રુઝ કાર્નેઝનો જન્મદિવસ (૧૮૩૫)
- આર્જેન્ટીનાનો ફુટબોલ પ્લેયર ડીગો મેરાડોનાનું ૬૦ વર્ષની વયે અવસાન (૨૦૨૦)
- નિકોલસ-૩ રોમન કેથોલીક ચર્ચના પોપ તરીકે પસંદ થયા (૧૨૭૭)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના કયા અધિકારી સામે આર્યનખાન કેસમાં વિવાદ થયો છે?

જવાબ : સમીર વાનખેડે

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જૂ.સા. કૉલેજ (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) મીત પી પટેલ : સે-૨૩

આ સપ્તાહનો સવાલ

નિષાદ પાર્ટીના સ્થાપકનું નામ શું છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

'એન્જોઇંગ બુક્સ એન્ડ બાર ઈન લંડન....' પણ અમારી સ્ટાઈલમાં!

હળવે હૈયે
પ્રકાશ લાલા

અમે લંડન ગયા છીએ એ જાણી ગાંધીનગરથી એક મુરબ્બી સ્વજને અમને મેસેજ કરેલો : 'વાહ.... સરસ એન્જોય બુક્સ એન્ડ બાર!'

એ સજ્જનનો આવો મેસેજ વાંચી પહેલાં તો અમે ચમક્યા - ચોંક્યા કે એ 'અમને' પિયક્કડ ધારી બેઠા છે તે 'બાર' કહેતાં સૂરાલાય - મયખાનામાં એન્જોય કરવા કહે છે ? પછી એમણે અમસ્તા જ કહ્યું હશે માટે.... વિચાર્યું કે 'બુક્સ એન્ડ બાર્સ' માંથી આપણને જે લાગું પડતું હોય તે રાખી, બાકીનું ડિલિટ કરી નાખવું.

એમની વાતમં એ રીતે દમ ખરો કે જેને વાંચનનો નશો પસંદ હોય ને ચોપડીઓ વાંચવાથી જેને કેફ ચઢતો હોય તેને માટે અહીંની લાઈબ્રેરીઝમાં વાંચવા માટે, જે વિષયની અને જેટલી વાંચી શકાય એટલી 'બુક્સ' રહે છે. અંગ્રેજી ભાષા ઉપરાંત અમુક એરિયાની લાઈબ્રેરીઝમાં આપણી ઈન્ડિયન રિઝિયનલ લેગ્વેઝીસમાં - ગુજરાતી - હિંદી - બંગાળી - ઉર્દૂ વગેરેમાં પણ પુસ્તક ઉપલબ્ધ હોય છે.... અરે 'ટોકિંસ બુક્સ' અને 'વીસીડીઝ' પણ ખરી.... આર્ટ, કલચર, ઈન્ફર્મેશન, એન્ટરટેઈમેન્ટ, હિસ્ટ્રી, હ્યુમર, હેલ્થ, ટ્રાવેલ્સ, પોલિટિક્સ, ફિકશન, ફાર્મિંગ, ક્રાઈમ એમ દુનિયાભરનાં વિષયો પરની જૂની ને લેટેસ્ટ પબ્લિકેશન હાજર.

ગમે તે લાઈબ્રેરીમાં જાવ, વિષયવાર રેક્સમાં ગોઠવાયેલા પુસ્તકમાંથી મનગમતું લઈ, ત્યાં બેસીને વાંચી શકાય. મેમ્બર્સ હોઈતો તો તો જેટલી જોઈએ એટલી 'બુક્સ' ઘરે લઈ આવીને, કડક કોફી કે ઈન્ડિયન મસાલા ગ્રીન - લેબલ ટીની ચુસકી ભરતાં ભરતાં બસ વાંચ્યા જ કરો. લાઈબ્રેરીઝમાં બેસીને વાંચવા માટે ઈઝી ચેર્સ એન્ડ ટેબલ્સ, લેપટોપ ઉપર કામ કરવા 'વાઈફાઈ' વાંચવા કંઈ ગમી જાય કે જરૂરી હોય તેની પ્રિન્ટ મેળવવી હોય તો પેઈડ પ્રિન્ટરની પણ વ્યવસ્થા ખરી.

અહીંની લાઈબ્રેરીમાં મદદરુપ થવા સેવાભાવી - વિનમ્ર સ્ટાફ તો ખરો જ પણ બુક્સ 'બોરો' ને 'રીટર્ન' મશીન ઉપર જાતે જ કરવાનું. 'બોરો'નું બટન ક્લિક કરી મેમ્બરશીપનું કાર્ડ સ્કેન કરી, જે બુક્સ લેવી હોય તેના એક પછી એક ટાઈટલ મશીન પર મૂકતા જઈએ એટલે તે સ્કેન થઈ જાય અને પુસ્તક પરત કરવાની તારીખ સાથેની પ્રિન્ટેડ યાદી આપણને મળી જાય... પરત કરવાનું ય વેરી ઈઝી.... મશીન 'રીટર્ન' નું બટન ક્લિક કરી સ્કેનર ઉપર મૂકી દો એટલે જાતે જ 'રીડ' કરી લઈ જમા લઈ લે ને તમે છૂટ્ટા!!! લાઈબ્રેરીઝમાં ચિલ્ડ્રન્સ માટે વેકેશન હોલીડેઝમાં કંઈ ને કંઈ વર્કશોપ કલાસીસ ચાલે... તેમને વાંચવા પ્રેરે ને પ્રોત્સાહિત કરે તેવી કોમ્પિટીશન પણ થાય... એટલું વૈવિધ્ય સભર, વિપુલ સાહિત્ય ચારેકોર પડ્યું હોય કે લાઈબ્રેરીમાં લટાર મારો, ખાલી 'ટાઈટલ્સ' ઉથલાવો, બેક ટાઈટલ પર પ્રિન્ટેડ 'રીવ્યુ' કે બુકમાં શું છે તે 'જસ્ટ' વાંચો તો ય ટાઈમ ક્યાં જતો રહે ખબર ના પડે. ટૂંકમાં આવો નિર્દોષ અને જ્ઞાનવર્ધક નશો મતલબ એન્જોય બુક્સ એન્ડ બી હેપ્પી હેપ્પી !! અમને આ નશો જ પસંદ છે, હોં...

અમે ગાંધી બાપુના ગુજરાતના ને વળી શુદ્ધ વૈષ્ણવ એટલે 'બાર' ને દારૂના નામ માત્રથી ભડકીએ, અરે પુસ્તક કે મેગેઝીન વાંચતા, એમાં મદિરા - મદ્યપાન - વાઈન જેવો શબ્દ આવી જાય તો ફટાક કરતું પાનું ફેરવી નાખીએ આગળ વધી જઈએ એવા ચુસ્ત... ટી.વી. જોતાં જો દારુ પીવાનો કે મહેફિલ જમાવટનો સીન આવે તોય તરત ચેનલ બદલી નાખીએ એવા છોછીલા... એ સંજોગોમાં પેલા સ્વજનની 'એન્જોય બાર' વાળી વાત તો અમે બારોબાર ડિલિટ કરી જ નાખેલી... પરંતુ આપણે ત્યાં જેમ દરેક ગામ - શહેરમાં ચોરે ને ચૌટે ચાની રેંકડી, પાનના ગલ્લા, ભજિયાની લારી જોવા મળે છે એવું અહીં 'બાર' ને 'પબ'નું છે એટલે જેને વાઈન - વ્હીસ્કી નો શોખ હોય, 'બુક્સ' નહીં પણ 'બોટલ' નો નશો જોઈતો હોય તેના માટે પૈસા ખર્ચતા અહીં નિરાંતે બિયરથી શેઈમ્પેઈન સુધીનો નશો કરાવવા 'બાર્સ' ઈઝીલી અવેઈલેબલ છે!!

અમારે માટે તો આવા 'બાર' વર્જ્ય - ત્યજ્ય ને નકામા પણ હા, ચોકલેટ બાર, એન્જી બાર ખાઈને અમે પેલા સ્વજન કે જેમનાં સ્વયંનાં સ્વીટ હોમનું નાસ 'આસવલોક' છે તેમની 'એન્જોય બાર'ની શુભેચ્છાને જરૂર માન આપી રહ્યા છીએ.

અમે કહ્યું એમ અહીં ઠેર ટેર 'પબ' અને 'બાર' હોય એટલે 'વોક' યા 'શોપિંગ' માં નીકળ્યા હોઈએ કે ક્યાંક જવા કારમાં હોઈએ ત્યારે આ 'બાર'નાં ચિત્રવિચિત્ર નામો નજરે પડી જાય... તે અતિ સ્વાભાવિક છે, એમાંય 'ડોગ એન્ડ ફોક્સ', 'બ્લેક કેટ', 'ધી સ્વાન', 'ફાયર એન્જિન' વગેરે નામો વાંચતા થયું કે પીધા પછી નશામાં મસ્ત લોકોની દશા કૂતરા - બિલાડા - શિયાળ જેવી કે ભડભડ બળતાં એન્જિન જેવી થતી હશે એટલે પબ - બારમાં આવાં નામ રખાયા હશે ?

પછી તો લંડનના અલગ અલગ એરિયામાં હરતાં ફરતાં, જસ્ટ ટાઈમ પાસ આવા નામો વાંચવાની મજા પડી..., આવો, તમેય જાણો વગર પીધે નશો ચઢાવી દે એવાં અહીંના બાર્સ એન્ડ પબ્સનાં નામો : ડર્ટી બોન્સ, ધ પિયાનો, મૂન શાઈન ડર્ટી સલૂન, ઓપિયન, ધી કોકટેઈલ કલબ, બ્લેક હૉક, આસ્ક ફોર જેનીસ, ઓલ્ડ સ્ટ્રીટ રેકોર્ડઝ, લિટલ બેટ, નિયર એન્ડ ફાર (પીધા પછી જો ચઢે બરાબર, પછી તો નજીકનું દૂર ને દૂરનું નજીક જ દેખાવા લાગે ને!)

ફોક્સ એન્ડ ડોન્ડ્રસ, ડૉગ એન્ડ ડક, રેડ લાયન, વ્હાઈટ હાર્ટ (સફેદ હરણ). આ બધા નામો શૂટિંગ અને હટિંગની મોજ લીધા પછી પીવાની લિજ્જત માણવાની કે સેલિબ્રેટ કરવાની પ્રથા સાથે જોડાયેલાં જરૂર લાગે ! હસવું આવે એવાં નામવાળા 'બાર્સ' એટલે ધી ફેટ કેટ, બ્લેક બીચ, અનરુલી પિગ્સ, ધ મૂડી કાઉ, ધી ગોટ, એપ એન્ડ એપલ (બંદર અને સફરજન?), ધી કેટ એન્ડ કસ્ટર્